ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

વડોદરા-છોટાઉદેપુર

સંક્ષિપ્ત સમાચાર

મેલબોર્નમાં યોજાનારી 'Melbourne Meets Modi' ઇવેન્ટમાં વડોદરાના યોગેશભાઈ અધ્યારૂ લેશે ભાગ

વડોદરા : વડોદરા જિલ્લા ભાજપાના મહામંત્રી અને છેલ્લા ત્રણ દાયકાથી ભારતીય જનતા પાર્ટીના સક્રિય કાર્યકર્તા તરીકે વિવિધ જવાબદારીઓ નિભાવતા યોગેશભાઈ અધ્યારૂ હાલમાં પોતાના ભાણિયાના લગ્ન પ્રસંગે ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન શહેરમાં છે. આ દરમિયાન તેમને જાણ થઈ કે ભારતના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તા. 9 જુલાઈએ મેલબોર્નમાં યોજાનારી "Melbourne Meets Modi" ઇવેન્ટમાં ઉપસ્થિત રહેવાના છે. આ સમાચાર મળતાં જ યોગેશભાઈએ ઇવેન્ટમાં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન કરાવ્યું છે. યોગેશભાઈ અધ્યારૂએ જણાવ્યું હતું કે, છેલ્લા 30 વર્ષથી ભાજપના કાર્યકર્તા તરીકે વિવિધ જવાબદારીઓ નિભાવવાનો અવસર મળ્યો છે અને આજે વિદેશની ધરતી પર દેશના લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીને સાંભળવા તથા આ ઐતિહાસિક કાર્યક્રમનો હિસ્સો બનવાની તક મળવી તેમના માટે ગૌરવ અને આનંદની ક્ષણ છે.

સાવલી બજાર સમિતિમાં પ્રમુખ-ઉપપ્રમુખની બિનહરીફ વરણી કરવામાં આવી હતી

સાવલી : સાવલી કૃષિ ઉપજ બજાર સમિતિ (એપીએમસી) ખાતે પ્રમુખ અને ઉપપ્રમુખની અઢી વર્ષ ની ટર્મ પૂર્ણ થઈ હતી આજરોજ નવા પ્રમુખ ઉપપ્રમુખ ની વરણીની પ્રક્રિયા પક્ષના મેન્ડેટ અનુસાર જિલ્લા રજિસ્ટ્રારની હાજરીમાં ઉમેદવારી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી અને પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું.જેમાં ભાજપના જિલ્લા મહામંત્રી સહિતના હોદ્દેદારો દ્વારા પક્ષના મેન્ડેટ મુજબ પ્રમુખ અને ઉપપ્રમુખના નામો રજૂ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ જિલ્લા રજિસ્ટ્રારના અધિકારીઓએ ઉમેદવારીપત્રોની કાર્યવાહી પૂર્ણ કરી હતી.ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ કમલેશભાઈ મુળજીભાઈ પટેલને બજાર સમિતિ ના પ્રમુખ તરીકે અને ભગવાનસિંહ રાઈજીભાઈ જાદવને ઉપપ્રમુખ તરીકે બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.નવા ચૂંટાયેલા પ્રમુખ અને ઉપપ્રમુખને ભાજપના કાર્યકરો, ખેડૂતો તેમજ શુભેચ્છકોએ પુષ્પહાર પહેરાવી અને શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમ ઉત્સાહભર્યા માહોલ જોવા મળ્યો હતો.

તેરા તુજકો અર્પણ અંતર્ગત CEIR પોર્ટલની મદદથી ખોવાયેલ/ચોરાયેલ મોબાઇલ મુળ માલિકોને પરત અપાવી

બોડેલી : છોટાઉદેપુર ના આઈ.જી. શેખ પોલીસ અધિક્ષક, છોટાઉદેપુર તથા હર્ષ શર્મા મદદનીશ પોલીસ અધિક્ષક, બોડેલી ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ સરકારના ટેલીકોમ મંત્રાલય www.ceir.gov.in પોર્ટલના ઉપયોગ દ્વારા જીલ્લામા ગુમ/ચોરીમાં ગયેલ મોબાઇલ ફોન શોધી કાઢી અરજદારોને પરત કરવા જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોય જે સુચના અનુસંધાને પી.એસ.બરંડા પોલીસ ઈન્સ્પેક્ટર બોડેલી પોલીસ સ્ટેશન નાઓએ ઉપરી અધિકારીઓની સુચનાઓ મુજબ તાબાના પોલીસ માણસોને અસરકારક કામગીરી કરવા સુચના અને માર્ગદર્શન આપી મોનીટરીંગ રાખવામાં આવેલ હોય જે અનુસંધાને CEIR પોર્ટલની મદદથી અરજદાર નાઓના અલગ-અલગ કંપનીના એન્ડ્રોઇડ મોબાઇલ ખોવાયેલ/ચોરાયેલ હોવાની અરજી બોડેલી પોલીસ સ્ટેશન આપેલ હોય જે અરજી અંતર્ગત અરજદારોના ખોવાયેલ/ચોરી થયેલ મોબાઇલની અરજીની તપાસ કરી અરજદારોના કુલ મોબાઈલ નંગ-૦૫ કુલ કિં. રૂ.૧,૧૯,૯૭૭/- ના મોબાઇલ નો મુદ્દામાલ અરજદારોને પરત સોંપી "પોલીસ પ્રજાનો મિત્ર છે" તે સુત્રને બોડેલી પોલીસે સાર્થક કરેલ છે.

સાવલી બી.કે. પટેલ કોલેજમાં શુદ્ધ પાણીના ATMનું લોકાર્પણ

સાવલી : સાવલીની બી કે પટેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ અને મહેન્દ્ર જશભાઈ ઇનામદાર ટ્રસ્ટ વચ્ચે એમ ઓ યુ કરીને શુદ્ધ પીવાના પાણીના ATM મશીનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આજ રોજ સાવલી બી કે પટેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ વચ્ચે મહેન્દ્રભાઈ જશભાઈ ઇનામદાર ટ્રસ્ટ દ્વારા એમ ઓ યુ થકી વિદ્યાર્થીઓ, સ્ટાફ અને આગંતુકોની સુવિધા માટે શુદ્ધ પાણીની સુવિધા નો પ્રારંભ કરવામાં આવ્યો હતો સાથે સાથે કોલેજ પરિસરમાં પર્યાવરણ સંરક્ષણના સંદેશ સાથે વૃક્ષારોપણ કાર્યક્રમ પણ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે પ્રોફેસર ડો. હરિભાઈ કટારિયા (કુલપતિ, ગોવિંદ ગુરુ યુનિવર્સિટી) તથા સાવલીના ધારાસભ્ય કેતનભાઇ ઇનામદાર ઉપસ્થિત રહ્યા હતા સાથે સાથે વિશિષ્ટ મહેમાનો તરીકે બળવંતસિંહ નેગી, ડો. સુનીતા શર્મા, ધ્વનિબેન અરોરા, વૃંદાલીબેન ઇનામદાર સહિત વિવિધ ક્ષેત્રના આગેવાનો હાજર રહ્યા હતા કેળવણી મંડળના પ્રમુખ ભાસ્કરભાઈ પટેલ, ઉપપ્રમુખ કૃષ્ણકાંતભાઈ શાહ, રોહિતભાઈ શાહ, બી.સી. પરમાર તથા પાલિકાના હોદ્દેદારો કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

માસર ગામે આધુનિક સ્મશાનગૃહનું લોકાર્પણ, રક્તદાન શિબિરમાં ગ્રામજનોનો ઉત્સાહભેર સહભાગ

પાદરા : પાદરા તાલુકાના માસર ગામે ફિનોલેક્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ (FIL) અને તેની CSR ભાગીદાર મુકુલ માધવ ફાઉન્ડેશન (MMF)ના સહયોગથી આધુનિક સુવિધાઓથી સજ્જ સ્મશાનગૃહનું લોકાર્પણ, હસ્તાંતરણ અને પૂજનવિધિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે સ્વૈચ્છિક રક્તદાન શિબિર પણ યોજાઈ હતી, જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો અને યુવાનોએ ઉત્સાહપૂર્વક રક્તદાન કરીને માનવસેવાનો સંદેશ આપ્યો હતો. કાર્યક્રમમાં પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા, માસર ગામના સરપંચ ભગવાનસિંહ ગોહિલ, ગ્રામ પંચાયતના સભ્યો, ગામના આગેવાનો, રક્તદાતાઓ તેમજ ફિનોલેક્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને મુકુલ માધવ ફાઉન્ડેશનના પ્રતિનિધિઓ સંજય રોમન, કલ્પેશભાઈ પરમાર, સચિન ભાટિયા અને નિતુલ બારોટ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. CSR અંતર્ગત સ્મશાનગૃહમાં શેડ, પેવર બ્લોક, બેઠક વ્યવસ્થા, રંગરોગાન, સ્વચ્છતા સહિતની વિવિધ માળખાકીય સુવિધાઓ વિકસાવવામાં આવી છે.

વરસાદી પાણીના ભરાવાથી વાહનો અડધા ડૂબે તેવી સ્થિતિ; તાત્કાલિક પાણીના નિકાલની ઉઠી માંગ

ગણપતપુરા-માંગલેજ માર્ગ પર રેલવે ગરનાળું જળબંબાકાર

(પ્રતિનિધિ) કરજણ, તા.૪

વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાં આવેલા ગણપતપુરા અને માંગલેજ ગામને જોડતો માર્ગ, જે રાષ્ટ્રીય ધોરીમાર્ગ 48 સાથે સંકળાયેલો છે, તે હાલ વરસાદી પાણીના કારણે જળબંબાકારની સ્થિતિમાં છે. આ માર્ગ પર આવેલા રેલવે ગરનાળામાં ભારે વરસાદને કારણે પાણી ભરાઈ જતાં વાહનચાલકોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

ગણપતપુરાથી માંગલેજ તરફ જતાં અને ત્યાંથી નેશનલ હાઈવે 48 પર પહોંચવા માટે આ માર્ગ અત્યંત મહત્વપૂર્ણ છે. પરંતુ, ગણપતપુરા નજીક આવેલા રેલવે ગરનાળામાં વરસાદી પાણીનો ભરાવો થતાં વાહનવ્યવહાર ખોરવાઈ ગયો છે. આ ગરનાળું પાણીથી છલોછલ ભરાઈ જતાં નાના વાહનચાલકો જીવના જોખમે તેમાંથી પસાર થવા મજબૂર બન્યા છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, ગરનાળામાં પાણીનો ભરાવો એટલો છે કે વાહનો અડધા ડૂબી જાય તેવી સ્થિતિ સર્જાય છે. આવા સંજોગોમાં, બાઈકચાલકો પાણીના ઊંડા પ્રવાહમાંથી પસાર થતી વખતે સંતુલન ગુમાવવાનો અને અકસ્માતનો ભય સેવી રહ્યા છે. કે કેવી રીતે માળખાકીય સુવિધાઓનો અભાવ કે અપૂરતું જાળવણી કાર્ય સામાન્ય જનજીવનને પ્રભાવિત કરી શકે છે.

ગણપતપુરા-કુરાલી વૃક્ષ ધરાશાયી થતાં વાહનવ્યવહાર ખોરવાયો

વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાં આવેલા ગણપતપુરા અને કુરાલી ગામને જોડતા માર્ગ પર એક વિશાળકાય વૃક્ષ ધરાશાયી થતાં સ્થાનિકો અને વાહનચાલકો માટે મુશ્કેલી સર્જાઈ છે. આ ઘટનાને પગલે અંદાજે એક કિલોમીટર સુધી ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યા હતા, જેના કારણે વાહનવ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો. છેલ્લા ત્રણ દિવસથી વડોદરા અને આસપાસના વિસ્તારોમાં ભારે પવન સાથે અનરાધાર વરસાદ વરસી રહ્યો છે. આ સતત વરસાદને કારણે જમીન ભીની થઈ ગઈ છે અને વૃક્ષોના મૂળ નબળા પડી ગયા છે.

બોડેલીના જબુગામ હોસ્પિટલ પાસે વીજ વાયર પર ડાળખી

બોડેલી તાલુકાના જબુગામ ખાતે આવેલા સામૂહિક આરોગ્ય કેન્દ્રની બહાર છેલ્લા એક મહિનાથી વધુ સમયથી વૃક્ષની તૂટેલી ડાળખી વીજ પોલના વાયરો પર લટકતી હાલતમાં જોવા મળી રહી છે. વાવાઝોડા દરમિયાન ડાળખી તૂટી પડ્યા બાદ આજદિન સુધી તેને દૂર કરવામાં આવી નથી. હાલમાં વીજ લાઇન ઇન્સ્યુલેટેડ (કવરવાળા) વાયરની હોવાથી વીજ પુરવઠાને કોઈ સીધી અસર થઈ નથી. તેમ છતાં ડાળખીના વધતા વજનને કારણે વીજ પોલ અથવા વાયરોને નુકસાન પહોંચવાની તેમજ અકસ્માત સર્જાવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

બોડેલી સેવાસદન સામે પિલર સાથે કાર અથડાઈ, નગરપાલિકા સામે રોષ

સ્ટ્રીટ લાઇટ માટે બનાવાયેલા ખુલ્લા કોંક્રિટ પિલર પાસે ચેતવણીના બોર્ડ કે બેરિકેડિંગ નહીં

(પ્રતિનિધિ) બોડેલી, તા.૪

બોડેલી તાલુકા સેવાસદન સામે સ્ટ્રીટ લાઇટ માટે બનાવવામાં આવેલા કોંક્રિટના પિલર સાથે કાર અથડાતા અકસ્માત સર્જાયો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ નગરપાલિકાની બેદરકારી સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, આશરે 20 દિવસ પહેલાં સ્ટ્રીટ લાઇટના થાંભલા ઊભા કરવા માટે કોંક્રિટના પિલર તૈયાર કરવામાં આવ્યા હતા. જોકે, આજદિન સુધી તેની આસપાસ કોઈ ચેતવણીનું બોર્ડ, રિફ્લેક્ટર, બેરિકેડિંગ અથવા અન્ય સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી નથી. જેના કારણે ખાસ કરીને રાત્રિના સમયે વાહનચાલકોને આ પિલર દેખાતા નથી અને અકસ્માતનો ભય સતત રહે છે.એવું સ્થાનિકો દ્વારા જણાવવામાં આવ્યું હતું બોડેલી તાલુકા સેવાસદન આસપાસ હજુ પણ આવા અનેક ખુલ્લા કોંક્રિટના પિલર પડ્યા હોવાનું સ્થાનિકોએ જણાવ્યું છે.

તાજેતરમાં બનેલી આ ઘટના બાદ સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. નાગરિકોનું કહેવું છે કે જો સમયસર સુરક્ષાના પગલાં લેવામાં નહીં આવે તો ભવિષ્યમાં કોઈ ગંભીર અને જીવલેણ અકસ્માત સર્જાઈ શકે છે.

દક્ષિણ પ્રયાગ તીર્થ ચાંદોદ માંથી વહેતી નર્મદા નદીમાં નવા નીરનું આગમન

ચાંદોદ : વડોદરા જિલ્લાના પ્રસિદ્ધ અને દક્ષિણ પ્રયાગ તીર્થક્ષેત્ર એવા ચાંદોદ માંથી વહેતી પવિત્ર નર્મદા નદીમાં ચાલુ સીઝનમાં પ્રથમ વખત નવા નીરનું આગમન થયું છે. ઉપરવાસમાં થયેલા સારા વરસાદને પગલે નર્મદા નદીના જળસ્તરમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. ચાંદોદ ખાતે નદી કિનારે નવા પાણીની આવક થતાં જ સમગ્ર પંથકમાં અને આવતા શ્રદ્ધાળુઓ માં ખુશી વ્યાપી હતી. છોટાઉદેપુર જિલ્લામાં સાર્વત્રિક વરસાદથી નદીમાં પાણીની આવક માં વધારો થયો હતો. નર્મદા નદીમાં પાણીની આ નવી આવક પાછળ છોટાઉદેપુરમાં થયેલો સારો વરસાદ મુખ્ય કારણ છે. છોટાઉદેપુર જિલ્લામાં ચાલુ ચોમાસાની સીઝનનો ખૂબ જ સારો વરસાદ નોંધાયો છે, જેના કારણે ઓરસંગ નદી ના પાણી નદી-નાળા અને જળાશયો પાણીથી છલકાયા છે. આ વ્યાપક વરસાદના પરિણામે નીચાણવાળા વિસ્તારો અને મુખ્ય નદીઓમાં પાણીની આવક સતત વધી રહી છે.

ચાંદોદના મલ્હારરાવ ઘાટ પાસે મગર દેખાતાં ભક્તોમાં ભયનો માહોલ

ચાંદોદ : વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકા ના પવિત્ર યાત્રાધામ ચાંદોદ ખાતે રેવા તટે આવેલ પ્રખ્યાત મલ્હારરાવ ઘાટ પાસે મગર દેખાદેતા નાનકડા ચાંદોદ પંથકમાં ખળભળાટ મચી ગયો છે. ચાંદોદ ના રેવા તટે આવેલ મલ્હારરાવ ઘાટ પર ભારતભર માંથી શ્રધ્ધાળુઓ પુજા અર્ચના કરવા આવતા હોય છે અને નર્મદા તટે મલ્હારરાવ ઘાટ પુજા અર્ચના માટે શ્રેષ્ઠ જગ્યા મનાય છે ભાવિક ભક્તો પુજા અર્ચના કરે છે ત્યાં જ મગર દેખાદેતા ભક્તો મા ખળભળાટ મચી ગયો છે રેવા તટે મલ્હારરાવ ઘાટ પાસે થી મગર ને પકડી અન્ય સ્થળે ખસેડવા તંત્ર એ કવાયત હાથ ધરવી જોઈએ કેમકે કોઈક અઘટીત ઘટના ઘટે એ પહેલા અગમચેતી ના પગલાં ભરવા ની ભક્તો ની માંગ ઉઠવા પામી જિલ્લા ના અધિકારી એ વહેલી તકે મગર ને પકડવા કવાયત હાથ ધરે એ જરૂરી છે.

કર્મચારીના મોતના મુદ્દે અવાજ ઉઠાવતાં તણાવ

મંજુસર GIDCની બ્રાઇટ સ્ટાર ફૂડ કંપનીમાં કર્મચારીને માર માર્યાનો આક્ષેપ

ઇજાગ્રસ્તને સયાજી હોસ્પિટલમાં ખસેડાયો; મેનેજર સામે કાર્યવાહી અને નિષ્પક્ષ તપાસની માંગ

(પ્રતિનિધિ) સાવલી, તા.૪

મળતી માહિતી મુજબ કંપનીમાં ફરજ બજાવતા નરેન્દ્રસિંહ ભાટી નામના કર્મચારી પર કંપનીના મેનેજર મનીષ દ્વારા હુમલો કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ છે. ઈજાગ્રસ્ત કર્મચારીનું કહેવું છે કે કંપનીમાં આશરે એક મહિના અગાઉ એક કામદાર રામનિવાસ રહે ખાનપુર જી ઝાલાવાડ બીમાર થયો હતો અને તેને સમયસર ન મળતાં મોત થયું હતું. આ સમગ્ર ઘટનામાં યોગ્ય તપાસ થાય અને જવાબદારો સામે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સાથે નરેન્દ્ર ભાટી નામના કામદારે અવાજ ઉઠાવ્યો હતો.

આ મુદ્દે પ્રશ્નો ઉઠાવતા તેમની સાથે ઉગ્ર બોલાચાલી થયા બાદ મેનેજરે માર માર્યો હોવાનો કર્મચારીનો આરોપ છે. હુમલામાં ઈજા થતાં અન્ય કર્મચારીઓએ તેમને તાત્કાલિક સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડ્યો છે જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. ઘટનાની જાણ થતાં કંપનીના અન્ય કર્મચારીઓમાં પણ ભારે રોષ જોવા મળ્યો હતો. કર્મચારીઓનું કહેવું છે કે કંપનીમાં અગાઉ થયેલા કર્મચારીના મોત અંગે પારદર્શક તપાસ થવી જોઈએ અને જે કર્મચારી આ મુદ્દે અવાજ ઉઠાવે છે તેની સાથે મારપીટ થવી અત્યંત ગંભીર બાબત છે.

ઈજાગ્રસ્ત કર્મચારી તેમજ અન્ય કર્મચારીઓએ પોલીસ સમક્ષ કંપનીના મેનેજર સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે. તેમનું કહેવું છે કે કંપનીમાં કર્મચારીઓની સુરક્ષા અને અધિકારોનું રક્ષણ થાય તેમજ આવી ઘટનાઓ ફરી ન બને તે માટે જવાબદારો સામે કડક પગલાં લેવામાં આવે તેવી માંગ કરી છે. હાલ સમગ્ર મામલો પોલીસ સુધી પહોંચ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. પોલીસ દ્વારા ફરિયાદ અને બંને પક્ષોની રજૂઆતોના આધારે તપાસ તેમજ આગળની કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરી છે.

શિરોલા ગામેથી રહસ્યમય રીતે મહિલા ગુમ થતા પોલીસ ફિરયાદ

ડભોઈ તાલુકા ના શિરોલા ગામ ની સિમ મા આવેલ ધવલ ભાઈ મુકેશ ભાઈ પટેલ ના કુવા પરથી ૧૫/૬/૨૦૨૬ ના રાત્રે ૯ વાગ્યે કોઈને કાંઈ પણ કહયા વગર લાપતા થયેલ જેની પોતાના સંબધી ઓને તપાસ કરતાં મળી આવેલ નથી મુળ છોટાઉદેપુર જિલ્લા ના કવાંટ તાલુકાના કોટુંબી ગીહરીયા ફળીયા ના રેહવાસી ગીરીશભાઈ સિંગાભાઈ ભીલ ના પત્ની રવિતા બેન ગીશીયા ભાઈ ભીલ ઉ.વ. ૩૮ જેઓ આજ દીન સુધી મળી આવેલ નથી આ મહીલા શરીરે મજબુત બાંધો રંગે ધઉં વર્ણી મોઢુ ગોળ છે જેની ઉચાઈ ૧૬૫ સે.મી અને ભાષા ગુજરાતી જાણે છે તેઓ એ શરીર પર લાલ કલર નું ટોપ પહેરેલ છે.

પાદરા પોલીસે પીપળી શાળાનું ચોરાયેલું લેપટોપ શોધી કાઢયુ

પાદરા પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી રૂ. 33 હજારનું લેપટોપ કબજે કર્યું

(પ્રતિનિધિ) પાદરા, તા. 8

'ઓપરેશન પરાક્રમ' હેઠળ બે શખ્સોની ધરપકડ; રૂ. 33 હજારથી વધુનો મુદ્દામાલ કબજે. વડોદરા ગ્રામ્ય પોલીસ દ્વારા ચલાવવામાં આવી રહેલા 'ઓપરેશન પરાક્રમ' અભિયાન અંતર્ગત પાદરા પોલીસે વધુ એક સફળ કામગીરી કરી છે.

પાદરા તાલુકાના પીપળી ગામ સ્થિત પીપળી મિશ્ર પ્રાથમિક શાળાના કોમ્પ્યુટર રૂમમાંથી ચોરાયેલું સરકારી ACER કંપનીનું લેપટોપ શોધી કાઢી બે શખ્સોની ધરપકડ કરી ચોરીના ગુનાનો ભેદ ઉકેલી કાઢ્યો છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પીપળી મિશ્ર પ્રાથમિક શાળાના કોમ્પ્યુટર રૂમમાંથી તા. 25થી 27 જૂન દરમિયાન સરકારી ACER કંપનીનું લેપટોપ અજાણ્યા શખ્સો ચોરી કરી ગયા હતા. બનાવ અંગે પાદરા પોલીસ મથકે ભારતીય ન્યાય સંહિતાની કલમ 305(ઇ) હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી હતી.

ડભોઈ પોલીસે માર્ગ-મકાન વિભાગને ઠપકો આપ્યો

ડભોઈ : ડભોઈ વડોદરા વચ્ચે રોડ પર બ્રીજો અને રોડ ના વિસ્તૃતી કરણ ના કામો ચાલી રહ્યા છે જેને લઈ અવારનવાર અકસ્માત ના બનાવો બની રહ્યા છે ડભોઈ વડોદરા આ માર્ગ એકતા નગર સાથે જોડતો હોય રાજ્ય સહિત ભારત ભર ના પર્યટકો નો ધસારો રહે છે જે આ માર્ગ ના અનુભવી ના હોય અકસ્માત ની શકયતાઓ વધી જાય છે માર્ગ મકાન ના અધિકારી ઓ એ . સી . ચેમ્બર મા બેસી સબ સલામત ની ગુલબાંગો પોકારી રહ્યા છે અકસ્માત ની વણઝાર વચ્ચે નિર્દોષ લોકો ના મોત ના પગલે પોલીસ નુ હૃદય દ્રવી ઉઠયુ અને કેટલાક સૂચનો સાથે માર્ગમકાન ના અધિકારીઓ ને પત્ર લખવામાં આવ્યો છે. માર્ગ મકાન વિભાગ ના અધિકારીઓ ને નમુના સહિત મોકલી આપેલ છે.

સહ-ધિરાણથી છેવાડાના વિસ્તારો સુધી લોન પહોંચાડવામાં મળશે વેગ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 8

IIFL ફાઇનાન્સનું માનવું છે કે બેંકો અને બિન-બેંકિંગ નાણાકીય કંપનીઓ (NBFCs) વચ્ચેની સહ-ધિરાણ (Co-lending) વ્યવસ્થા ભારતના છેવાડાના વિસ્તારો સુધી પોસાય તેવું ઔપચારિક ધિરાણ ઝડપથી પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવશે. કંપનીના ગોલ્ડ લોન વિભાગના વડા મયંક શર્માના જણાવ્યા મુજબ, નાણાકીય સમાવેશીકરણનો આગામી તબક્કો ખેડૂતો, MSMEs, સ્વરોજગારી અને નાના ઉદ્યોગસાહસિકોને સમયસર ધિરાણ ઉપલબ્ધ કરાવવા પર કેન્દ્રિત રહેશે.

તેમણે જણાવ્યું કે બેંકો ઓછી કિંમતનું મૂડી ભંડોળ અને મજબૂત નાણાકીય આધાર પૂરો પાડે છે, જ્યારે NBFCs સ્થાનિક બજારની સમજણ અને છેવાડાના વિસ્તારો સુધી પહોંચ ધરાવે છે. બંનેની ભાગીદારીથી લોન મંજૂરીની પ્રક્રિયા ઝડપી બનશે અને અનૌપચારિક ધિરાણ પરની નિર્ભરતા ઘટશે.

મયંક શર્માએ RBIના સહ-ધિરાણ માળખાને આવકારતાં જણાવ્યું કે તે પારદર્શિતા, જોખમની ભાગીદારી અને જવાબદાર ધિરાણ માટે મજબૂત આધાર પૂરો પાડે છે. જનધન, આધાર, UPI અને AI આધારિત ડિજિટલ ટેકનોલોજી સહ-ધિરાણને વધુ અસરકારક બનાવશે અને નાણાકીય સમાવેશીકરણને નવી ગતિ આપશે. તેમણે ઉમેર્યું કે સહ-ધિરાણની સફળતા વધુ ઉદ્યોગસાહસિકો અને નાના વ્યવસાયોને મળતી નાણાકીય સહાયના આધારે માપવામાં આવશે.